ડાકોરમાં પૂનમના આગલા દિવસે જ એક લાખ કરતાં વધુ ભક્તોએ રાજા રણછોડરાયજીના દર્શન કર્યાં : પૂનમમાં 2 લાખથી વધુ ભક્તો ઉમટશે

ડાકોરમાં ફાગણી પૂનમ નિમિત્તે ધાર્મિક મેળાવળો જામ્યો

(પ્રતિનિધિ) ડાકોર તા.13

ડાકોરમાં ફાગણી પૂનમના આગલા દિવસે તમામ માર્ગો પર હૈયે હૈયુ દળાય તેવી ભીડ જોવા મળી રહી છે. હવે પૂનમને આડે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે ભક્તો આતૂરતાથી ડાકોરના નાથના દર્શન કરવા તલપાપડ બન્યા છે. મંદિર પ્રસાશને પદયાત્રીઓના રાત્રી વિસામાથી માંડીને તમામ પ્રકારની વ્યવસ્થાઓ પણ ઊભી કરી દીધી છે. આગલા દિવસે જ ગુરુવારે સાંજથી ભક્તોનો જુવાળ ડાકોરમાં જોવા મળ્યો હતો ડાકોર ટેમ્પલ કમિટી, પોલીસ તંત્ર, જિલ્લા વહીવટી તંત્ર અને સેવકોએ ભક્તોની સેવામાં તૈનાત છે. ફાગણી પૂનમનુ કાઉન્ટડાઉન શરૂ થયું છે. મીની દ્વારકા ગણાતા યાત્રાધામ ડાકોરમાં ભગવાન રણછોડરાયના દર્શન માટે ભક્તો ઉમટી પડ્યા છે. પૂનમે મંગળા આરતીનુ વિશેષ મહત્વ હોય લાખોની સંખ્યામાં રણછોડરાય ભક્તો ગુરૂવાર સવારથી જ ડાકોરમાં ધામા નાખી દીધા છે. પૂનમના એક દિવસ અગાઉ જ ભક્તો ડાકોરમાં ઉમટતા ડાકોરની ગલીઓ પણ 'જય રણછોડ'ના ગગનભેદી નાદ સાથે ગૂંજી ઉઠી છે. ગુરુવાર રાત્રે મોટાભાગના ભક્તો નિંદર માણવાની જગ્યાએ બજારોમાં ફરશે. જેના કારણે ડાકોર મંદિરની આસપાસના બજારો રાત્રીના સમયે પણ ધમધમી ઉઠશે. બીજી તરફ ડાકોર ટેમ્પલ કમિટી, જિલ્લા પોલીસ તંત્ર, જિલ્લા વહીવટી તંત્ર અને સેવકોએ પદયાત્રી ભક્તોને અગવડતા ન પડે તે માટે તમામ પ્રકારની તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. પીવાના પાણીથી માંડીને રાતવાસો કરવા તેમજ ભંડારા સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. બીજી બાજુ હજી પણ ભક્તિ માર્ગ પર ભક્તોનો ઘસારો 'જય રણછોડ માખણચોર'ના નાદ સાથે ડાકોર તરફ આવી રહ્યો છે. ભક્તો માથે તાપ સહન કરી છત્રીના સહારે આગળ ડાકોર તરફ આવી રહ્યા છે. સાથે સાથે લાખોની સંખ્યામાં ભક્તો ધોળી ધજા સાથે 'ડાકોરમાં કોણ છે, રાજા રણછોડ છે' ના નાદ સાથે શ્રી કૃષ્ણ ભક્તિમાં લીન થઈ દર્શન કરવા તત્પર છે. આવા બળબળતા ઉનાળામાં પણ ભક્તોની શ્રદ્ધા તેમની ભક્તિની શકિત બતાવી રહ્યા છે. ડાકોરના ઠાકોરના ફાગણી પૂનમના દર્શનની ઈંતેજારી યુવાન, યુવતીઓ, બાળકો તેમજ મોટેરાઓ જોતા જ ઝળકે છે.

તસવીરઃ ધનંજય શુક્લ

સ્વચ્છતા અભિયાન અંતર્ગત 200 જેટલા સેવાકર્મી લોકો સ્વચ્છતામાં જોડાયા

આ વર્ષે પગપાળા માર્ગ પર દર વખત કરતા ખૂબ વધુ સ્વચ્છતા જોવામાં આવી રહી છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો દ્વારા આ વર્ષે સ્વછતા માટેનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત રસ્તા પર ચાલતા સેવાકેમ્પોની આસપાસ ચાના કપ, કાગળની ડીસો, પ્લાસ્ટિકના ગ્લાસના કચરામાં ઘણો ઘટાળો જોવા મળી રહ્યો છે. ભગવાનના દર્શન કરતા કરતા સ્વચ્છતા અંગેની પણ પાયાની જાગૃતિ ચલાવવામાં આવી રહી છે.

ભક્તોના સ્વાસ્થ્યની ચિંતામાં 108 ઈમરજન્સી સેવાઓ ખડેપગે તૈયાર

કોઈપણ પ્રકારની ઈમરજન્સી સેવાઓ માટે 108 એમ્બ્યુલન્સ, ફાયરસેફટી જેવી વ્યવસ્થાઓને તૈયાર રાખવામાં આવી છે. 5 જેટલી 108 એમ્બ્યુલન્સ 5 દિવસ સુધી 5 જુદા જુદા વિસ્તારોમાં સતત સ્ટેન્ડ બાય રહેશે. ફાળવાયેલી 108 એમ્બ્યુલન્સમાં પાયલોટ અને ઈએનટી મળી એક એમ્બ્યુલન્સમાં 4 વ્યક્તિઓ સાથે 20 વ્યક્તિઓનો સ્ટાફ હશે. ડાકોરમાં 5 જુદા જુદા પોઈન્ટો પર આ 5 એમ્બ્યુલન્સ 24 કલાક હાજર રહેશે. જેમાં ડાકોર મંદિરના ગેટ પાસે, ડાકોર નાગરિક સેવા કેન્દ્ર ખાતે, ગાયોના વાડા પાસે, નગરપાલિકા પાસે, ઠાસરા રોડ પર સ્ટેન્ડ બાય કરવામાં આવી છે. આ તમામ 108 એમ્બ્યુલન્સ 11મી માર્ચથી 15મી માર્ચ સુધી ફાળવાયેલી છે. તેવું 108ના અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું છે.

પ્રશાસન અને પોલીસ દ્વારા ડ્રોન કેમેરાની મદદથી સર્વેલન્સની કામગીરી

ખેડા જિલ્લા કલેક્ટર અમિત પ્રકાશે જણાવ્યું કે, પદયાત્રીઓના રૂટ પર તેમની સેવા માટે સતત આરોગ્યની ટીમો કાર્યરત છે. 20થી વધારે આરોગ્યની ટીમો પદયાત્રીકોની સેવામાં રોકાયેલી છે. જ્યારે જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાએ જણાવ્યું કે, પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ડાકોર શહેરમાં 1984 પોલીસ તેનાત છે. ડીવાયએસપી, 13 પોલીસ ઇન્સ્પેક્ટર, 106 પોલીસ સબ ઇન્સ્પેક્ટર સહિત મહિલા પોલીસ કર્મચારી સહિત કુલ 2500 જેટલા પોલીસ જવાનો સુરક્ષાના હેતુથી બંદોબસ્તમાં છે. આ ઉપરાંત ડ્રોન કેમેરાથી પણ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

ચરોતરમાં ધૂળેટીનો થનગનાટ, રંગોનું વેચાણ ધમધમ્યું

આણંદ, ખેડા અને મહીસાગર જિલ્લાના શહેરો સહિત ગ્રામ્ય વિસ્તારોના બજારોમાં રંગ અને પિચકારી સહિતની ચીજવસ્તુઓ ખરીદવા માટે ઉત્સાહ

(પ્રતિનિધિ) આણંદ તા.13

આણંદ, ખેડા, મહીસાગર જિલ્લાના તમામ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં હોળી-ધૂળેટીનો તહેવાર ઉજવવા ઉત્સાહ જોવા મળી રહ્યો છે, ત્યારે દરેક શહેર અને ગ્રામ્ય વિસ્તારના અનેક બજારોમાં રંગ અને પિચકારી સહિતની ચીજવસ્તુઓ ખરીદવા માટે લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આણંદમાં આ વર્ષે બજારમાં 100 રૂપિયાથી લઈ 1000 રૂપિયા સુધીની પિચકારી વેચાઈ રહી છે. બાળકોના પ્રિય કેરેક્ટરો સાથેની પિચકારીઓની માંગ પણ વધુ છે. સાથે જ સ્કૂલ બેગ ટાઈપ પિચકારી પણ અત્યારે ટ્રેન્ડ કરી રહી છે. નાના બાળકોમાં બંદૂક પિચકારી સૌથી વધારે વેચાઈ રહી છે. તો રંગોમાં પણ 200થી લઈ 800 રૂપિયા કિલો સુધીના રંગ બજારમાં વેચાઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સામાન્ય રીતે દર વર્ષે પિચકારી અને કલરમાં 10થી 15%નો ભાવ વધારો જોવા મળતો હોય છે. પરંતુ આ વર્ષે 25થી 30%નો ભાવમાં વધારો આવ્યો છે. આમ છતાં લોકો ખરીદી કરી તહેવારને મનાવવા માટે થનગની રહ્યા છે. ફાગણ મહિનાની શરુઆત થતાંની સાથે જ ઉત્સવ પ્રેમીઓમાં ભારતીયોનો પર્વ હોળીનો ઉમંગ છવાઇ જાય છે. ઘણા દિવસો અગાઉ તહેવારને લઈ બજારો ધમધમવા લાગ્યા છે. પરંતુ ખરીદી છેલ્લા દિવસે જોવા મળી હતી. આ પર્વની ઉજવણીને કારણે અનેક ધંધા-રોજગાર માટે આર્થિક ઉપાર્જન વધ્યું છે. લોકોમાં તહેવારોને ઉત્સાહથી ઉજવવા માટે થનગનાટ જોવા મળ્યો છે.

બજારોમાં ખજૂર, દાળીયા, હાયડા અને કોપરાની ધૂમ ખરીદી થઇ

ચરોતરની બજારોમાં રંગો, પિચકારી, કુગ્ગાઓ તેવી જ રીતે ખાવાની ચીજોમાં ખજૂર, દાળીયા, હાયડા કોપરા વગેરેની પૂરજોરમાં ખરીદી ચાલી રહી છે. યુવાનો વડીલો સૌ કોઇની સાથે બાળકો પણ હાલ પરીક્ષાનું ટેન્શન દુર કરી હોળી પર્વ ઉમંગભેર ઉજવવા થનગની રહ્યાં છે. અને બોર્ડના વિદ્યાર્થીઓની પરીક્ષા પૂર્ણ થઇ છે. જેથી બોર્ડના વિદ્યાર્થીઓ પણ હોળી ધુળેટી પર્વની રંગેચંગે ઉજવણી કરશે.

રંગોની છોળો ઉડાડી રંગરસીયા લોકો ધુમ મચાવશે

નવા ટ્રેન્ડ મુજબ હોટેલો, રેસ્ટોરન્સમાં પણ ધુળેટી પર્વ ઉજવવાનું શરુ થયું છે. જ્યાં ડી.જે. વીથ ડાન્સ અને સ્વીમીંગ સાથે રંગોની છોળો ઉડાડી લોકો ધુમ મચાવે છે. છેલ્લા બે ત્રણ વર્ષથી આ ક્રેઝ ચાલ્યો છે. હોળી પર્વની ઉજવણી માટે શહેરના અને ગ્રામ્ય વિસ્તારના અનેક નાના-મોટા ચોકમાં હોળીના આયોજનો થાય છે. હોળી આડે દિવસ બાકી હોય આયોજકો, ધર્મપ્રેમીઓ હોળી ગોઠવવાના કામે લાગી ગયા છે આમ, મોટો પર્વ રંગોનો પર્વ હોળી ઉજવવા સૌ કોઇમાં હલચલ મચી છે.

વીરપુરના બજારોમાં હોળી પર્વ નિમિત્તે વાજીત્રોની દુકાનો પર ભીડ જામી



વીરપુર પંથકમાં ક્ષત્રિય પરિવારો વધુ વસવાટ કરી રહ્યા છે. હોળી પર્વ પહેલાની 20 રાત્રિના સમગ્ર વિસ્તારમાં ઢોલ ઢબુકતા હોય છે. હોળીના દિવસે મીઠી રસોઈનો આરોગ્ય બાદ ગામની ભાગોળે નિયત કરેલી જગ્યા એકઠા થાય છે અને ગામના લોકો દ્વારા મોટા ઢોલ વગાડવામાં આવે છે. જે મોડી રાત સુધી ગામની મહિલા, પુરુષ અને બાળકો એક સાથે દાંડિયા રમે છે અને હોળીને લગતા ગીતો ગાય છે. આ પ્રણાલી વર્ષોથી ચાલી આવી છે અને આજની પેઢીએ પણ તેને જીવંત રાખી છે. આથી, કહેવાય છે કે, ઢોલ ઢબુક્યા વગર હોળીનો માહોલના હોય. માહોલ જામતા લોકો ખૂબ આનંદ કિલ્લોલમાં રાત્રિના સમય પૂરા જોસ અને આનંદ સાથે ઢોલ વગાડતા તે ફાટી જતા સવારના સમયે ઢોલ વાજિંત્રની દુકાને લોકોની લાઈનો લાગતી જોવા મળે છે અને હાલમાં પણ પરંપરાગત ચામડાના ઢોલનો વગાડવાનો આગ્રહ રહેતો હોય છે. - **નાથુસિંહ પરમાર**

નિસરાયાના ભરતી મેળામાં 52ની પસંદગી

બોરસદ | આણંદ જિલ્લા રોજગાર કચેરી દ્વારા સરકારી આઈટીઆઈ નિસરાયા ખાતે રોજગારી મેળવવા માંગતા ઉમેદવારો માટે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ 80 ઉમેદવારો હાજર રહ્યા હતા. આ રોજગાર ભરતી મેળામાં કુલ 4 નોકરીદાતાઓ દ્વારા તેમના એકમોમાં હેલ્પર, ઈલેકટ્રિશ્યન,વાયરમેન, ફિટર,વેલ્ડર, ઓપરેટર જેવી જગ્યાઓ માટે 52 ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરી હોવાનું રોજગાર અધિકારી, આણંદ દ્વારા જણાવાયું છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

નડિયાદ સહિત જિલ્લાભરમાં 1300 ઉપરાંત સ્થાને હોળીનું પ્રાગટ્ય કરી ઉજવણી કરાઈ

એકલા નડિયાદમાં 150થી વધુ નાની-મોટી હોળી સળગાવી અધર્મ પર ધર્મના વિજયરૂપી પર્વની ઉજવણી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.13

અધર્મ પર ધર્મના પર્વની ઉજવણી સમાન હોળીના પર્વની ગુરુવારે ફાગણ સુદ પૂનમના દિવસે ખેડા જિલ્લામાં હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી. જિલ્લાના ગામેગામ સાંજે સંધ્યાટાણે હોળીનું પ્રાગટય કરાયુ હતુ. જિલ્લામાં કુલ મળી 1300 ઉપરાંત સ્થળોએ હોળીના પ્રાગટ્ય કરાયુ હતુ. ખેડા જિલ્લામાં પણ અન્ય સ્થળોની જેમ આજે ગુરુવારે ફાગણસુદ પૂનમના રોજ હોલીકા દહન કરવામાં આવ્યુ હતુ. જેના પ્રાગટય માટેની તૈયારીઓની મોડી સાંજે આખરી ઓપ આપ્યા બાદ સમી સાંજે હોળીનું પ્રાગટ્ય કરાયુ હતુ. જિલ્લાના ગામેગામ વિવિધ પોળ, મહોલ્લા તથા સોસાયટીના માર્ગો જેવી જગ્યાઓએ હોળી પ્રગટાવાઈ હતી. હોળી માટે ભેગા કરેલા લક્કડને પિરામીડ આકારમાં ગોઠવવામાં આવ્યા હતા. તેના પર છાણાં તેમજ દહન થતી અન્ય વસ્તુઓ પધરાવવામાં આવી હતી. ખેડા જિલ્લામાં આ વર્ષે 1300 કરતા પણ વધુ સ્થળોએ હોળીનું પ્રાગટય કરાયુ હતુ.

70 વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં ઉજવણી

નડિયાદમાં મજદૂર સંઘ દ્વારા મહિલા સંમેલન યોજાશે

ગુજરાત પ્રદેશ મહિલા સંમેલનમાં મહાનુભાવો હાજર રહેશે

(પ્રતિનિધિ) નડિયાદ, તા.13

ભારતીય મજદૂર સંઘની સ્થાપનાને 70 વર્ષ પૂર્ણ થયા છે. તેના ઉપલક્ષમાં ગુજરાત પ્રદેશ દ્વારા મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવનાર છે. જે આગામી 16 માર્ચે નડિયાદના સ્વામીનારાયણ મંદિર ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં ઉચ્ચ હોદ્દેદારો સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

મળતી માહિતી મુજબ ભારતીય મજદૂર સંઘની સ્થાપનાને 70 વર્ષ પૂર્ણ થતા નડિયાદના પીપલગ રોડ સ્થિત સ્વામીનારાયણ મંદિર ખાતે મહિલા સંમેલનનું આયોજન કરાયુ છે.

આ સંગઠનમાં ભારતના વિવિધ ક્ષેત્રના 68 કરોડ જેટલા સંગઠીત અને અસંગઠીત ક્ષેત્રના શ્રમિકો અને કર્મીઓનો અવાજ બનીને કામ કરે છે અને 70 વર્ષ પૂર્ણ થતા અનેક કાર્યક્રમો રાખ્યા છે. જેમાં આ છેલ્લો કાર્યક્રમ મહિલા સંમેલનનો નડિયાદમાં રાખ્યો છે. જેની તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

આ કાર્યક્રમમાં સાંસદ દેવુસિંહ ચૌહાણ, ભારતીય મજદૂર સંઘના હોદ્દેદારો અને જિલ્લા ભાજપ પ્રમુખ અજય બ્રહ્મભટ્ટ સહિત રાજ્યભરમાંથી સંગઠન સાથે જોડાયેલા મહિલા હોદ્દેદારો અને કર્મચારીઓ આવનાર છે.